# એક અદ્ભુત, અવિસ્મરણીય, સર્વોતમ પ્રવચન

– કાર્તિકેય ભટ્ટ

‘‘મેં એક ટૂંકું ભાષણ આપ્યું. ‘અમેરિકાનાં બહેનો અને ભાઈઓ’ એવું સંબોધન કર્યું, કાન બહેર મારી જાય એવો તાળીઓનો ગડગડાટ બે મિનિટ સુધી ચાલુ રહ્યો. ત્યારબાદ મેં મારું વ્યાખ્યાન આગળ ચલાવ્યું. જ્યારે એ પૂરું થયું ત્યારે હું બેસી ગયો; લાગણીના આવેશથી હું લગભગ લોથપોથ થઈ ગયો. બીજે દિવસે બધાં અખબારોએ જાહેર કર્યું કે મારું વ્યાખ્યાન સર્વોત્તમ હતું; પરિણામે અમેરિકાભરમાં હું જાણીતો થઈ ગયો.’’

સ્વામી ગંભીરાનંદ લખે છે કે આવેલા પ્રતિનિધિઓ ક્રમાનુસાર અધ્યક્ષના આમંત્રણ પર પોતપોતાનું વક્તવ્ય કહેવા લાગ્યા. બધા વક્તાઓ પૂરી તૈયારી કરીને આવ્યા હતા, પરંતુ સ્વામી વિવેકાનંદને ઔપચારિક વ્યાખ્યાન પધ્ધતિનો ક્યારેય અનુભવ ન હતો. એમણે છ–સાત હજાર વિદેશી સુશિક્ષિત સ્ત્રી–પુરુષો સમક્ષ આ રીતે પોતાના હૃદયના ભાવો વ્યક્ત કરવાની અગાઉથી કોઈ તૈયારી પણ કરી ન હતી. આથી સભાધ્યક્ષ જ્યારે જ્યારે એમના નામની ઉદ્‌ઘોષણા કરતા, ત્યારે ‘હમણાં નહિ’ એમ કહીને જવાનું ટાળતા. આખરે સભાધ્યક્ષે એમના ‘હા–ના’ની પરવા કર્યા વગર ઘોષણા કરી – ‘હવે પછીના વક્તા છે – સ્વામી વિવેકાનંદ.’ હવે તો બીજો કોઈ ઉપાય જ નથી એમ જાણીને સ્વામીજી શ્રી રામકૃષ્ણનાં ચરણોનું સ્મરણ કરતાં કરતાં યંત્રવત્ ઊભા થયા અને સભાને સંબોધન કરતાં બોલ્યા : ‘અમેરિકાનાં બહેનો અને ભાઈઓ’ – આ શબ્દોની વીજળી જેવી અસર થઈ. પ્રચલિત ઔપચારિક સંબોધનને બદલે સ્વામીજીએ આ સામાન્ય શબ્દો દ્વારા પોતાના અંતરની વાણી મહાસભા સમક્ષ પ્રગટ કરી જે સાંભળીને અમેરિકાવાસી ગદ્‌ગદિત થઈ ગયા અને ચારે બાજુ તાળીઓનો ગડગડાટ થવા લાગ્યો.

લગભગ પાંચ મિનિટ બાદ સભા જ્યારે શાંત થઈ ત્યારે ભગવો ઝભ્ભો પહેરેલા અને પાઘડી બાંધેલા આ ભારતીય સંન્યાસીએ વીરતાપૂર્વક અદબવાળી અને કમળની પાંખડી જેવા પોતાનાં સુંદર નેત્રોમાંથી જ્યોતિ પ્રસરાવીને ગંભીર અને જુસ્સાભરી વાણીમાં ભારતના શાશ્વત પ્રેમની ગાથા સંભળાવી. તે દિવસથી જ બધાંને ખબર પડી ગઈ કે સ્વામીજી જ મહાસભાના વિશ્વવિજયી વીર છે અને એમના નામમાં અદ્‌ભુત જાદુ રહેલું છે.

આ અદ્‌ભુત, અવિસ્મરણીય, ઐતિહાસિક, સર્વોત્તમ પ્રવચનના કેટલાક અંશો નીચે રજૂ કર્યા છે :

અમેરિકાનાં બહેનો અને ભાઈઓ !

તમે અમારું જે ઉમળકાભર્યું હાર્દિક સ્વાગત કર્યું છે તેનો પ્રત્યુત્તર આપવા માટે ઊભા થતાં મારું હૃદય અકલ્પ્ય આનંદથી ભરાઈ જાય છે.

જે ધર્મે જગતને સહિષ્ણુતા અને વિશ્વબંધુત્વના પાઠ ભણાવ્યા તેનો પ્રતિનિધિ હોવાનું ગૌરવ હું અનુભવી રહ્યો છું. અમે સર્વ ધર્મો પ્રતિ સહિષ્ણુતા બતાવવામાં માનીએ છીએ; એટલું જ નહિ, પરંતુ સર્વ ધર્મો સત્ય છે એનો પણ અમે સ્વીકાર કરીએ છીએ.

મને ગર્વ છે કે હું એક રાષ્ટ્રનો પ્રતિનિધિ છું કે જેણે જુલમનો ભોગ બનેલા તથા નિરાશ્રિત થયેલા પૃથ્વીના તમામ ધર્મો અને દેશોના લોકોને આશ્રય આપ્યો છે.



બંધુઓ ! તમારી સમક્ષ હું એ સ્તોત્રમાંથી થોડી પંક્તિઓનું ઉચ્ચારણ કરું છું. મને યાદ છે કે એ સ્તોત્રનું તો હું છેક બાળપણથી રટણ કરતો આવ્યો છું. 'જે પ્રમાણે ભિન્ન ભિન્ન મૂળમાંથી ઉદ્‌ભવ પામેલી જુદી જુદી નદીઓના પ્રવાહો અંતે એક સાગરમાં મળે છે તેવી રીતે હે પ્રભો ! મનુષ્યો પોતપોતાની રુચિ અનુસાર ગ્રહણ કરે તે તે બધા માર્ગો ભલે જુદા જુદા દેખાય, સીધા લાગે, વાંકાચૂકા ભાસે, છતાંય એ બધા તારી પાસે જ પહોંચે છે.' એમ કહીને

સ્વામીજીએ શિવમહિમ્નઃ સ્તોત્રમ્‌ના ૭મા શ્લોકની – 'रुचीना वैचित्र्यत्'.....' કડીઓ ગાઈ હતી. ત્યારબાદ સ્વામીજીએ ભગવદ્‌ગીતાના ૪થા અધ્યાયના અગિયારમા શ્લોક – 'ये यथा मा प्रपद्यन्ते......' થકી ગીતાએ આપેલા 'અદ્‌ભુત સિદ્ધાંત'નું બયાન કર્યું હતું.

સ્વામીજીએ તેમના પ્રવચનમાં પંથવાદ, ધર્માંધતા, ધર્મઝનૂનનો ઉલ્લેખ કરીને કહ્યું હતું, ''આવા ભયંકર દૈત્યોએ પૃથ્વીને હિંસાથી ભરી દીધી છે, સંસ્કૃતિને પાયમાલ કરી છે. જો આવા દૈત્યો ન હોત તો માનવસમાજે આજના કરતાં અનેક ગણી પ્રગતિ સાધી હોત.'' સ્વામીજીએ એવી આશા વ્યક્ત કરી હતી કે સભાના માનમાં સવારે રણકી ઊઠેલ ઘંટની જેમ મનુષ્યો વચ્ચે પ્રવર્તતી તમામ અનુદાર ભાવનાઓનો પણ મૃત્યુઘંટ વાગી રહે. વ્યાખ્યાન પૂરું થતાં તાળીઓના ગડગડાટથી 'હૉલ ઑફ કોલંબસ' ગાજી ઊઠ્યો. આ બન્યા પછી તો કોઈ કોઈ દિવસ શ્રોતાઓને છેવટ સુધી રોકી રાખવા માટે સભાધ્યક્ષે જાહેરાત કરવી પડતી કે આજનું અંતિમ વ્યાખ્યાન સ્વામી વિવેકાનંદ આપશે.

■